ધોરણ:7 ગુજરાતી

અર્પિત 11/4

Date:-

વિભાગ: A

| | ઉત્તરો: | | ઉત્તરો: |
|---|---|---|---|
| (1) | (B) ધુરંધ | 21 | (B) સમાજ |
| (2) | (B) કાગળ | 22 | (A) કૃષ્ણાશંકર |
| (3) | (C) શાપ | 23 | (B) સત્યના પ્રયોગો |
| 4 | (C) મુક્તિ × આઝાદી | 24 | (B) પાડા |
| 5 | (A) પાયો નાખવો | 25 | (A) સોમાભાઈ |
| 6 | (C) શરત કરવી | 26 | (B) સાંકળી |
| 7 | (B) લણણી | 27 | (C) ભાણાભાઈ ગાંડા |
| 8 | (A) વાચાળ | 28 | (B) મોગાપરી |
| 9 | (C) પ્રશ્નવાચક | 29 | (A) બોધકથા |
| 10 | (B) પ્રમાણવાચક | 30 | (B) ઉછાંછળી |
| 11 | (A) સકર્મક | 31 | (A) ચીકુ |
| 12 | (A) અકર્મક | 32 | (B) હસ્તિનાપુર |
| 13 | (C) સહેજ | 33 | (A) જ્ઞાનગંગોત્રી |
| 14 | (B) હજુ | 34 | (C) હરિ ૐ |
| 15 | (A) કૃત્રિમ | 35 | (C) દયાળુ |
| 16 | (A) દિકરો | 36 | (B) અમી |
| 17 | (B) ઉદ્ગારવાક્ય | 37 | (A) પાણી |
| 18 | (C) પ્રશ્નવાક્ય | 38 | (A) મનમાં |
| 19 | (B) આશિષ, આંગળી, નીર, હેમંત | 39 | (B) ઈર્ષાળી |
| 20 | (A) સૂચના, સેક્રેટરી, સૌરાષ્ટ્ર, સ્ટેશન | 40 | (C) મરવું પડે |

Date:-

# S.A. II 2019 (ધોરણ: 7)
## ગુજરાતી પેપર સોલ્યુશન

પ્રશ્ન: 1 નીચેનામાંથી પાંચ પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (10)

(1) સમાચારો પ્રકાશિત કરવાના વિનંતીપત્રમાં કઈ-કઈ વિગતો હોવી જરૂરી છે?

જવાબ:- સમાચારો પ્રકાશિત કરવાના વિનંતીપત્રમાં નીચેની વિગતો હોવી જરૂરી છે.
(1) સમાચાર મોકલનાર વ્યક્તિ કે સંસ્થાનું નામ-સરનામું
(2) સમાચાર નોંધ પ્રકાશિત કરવાની તારીખ.
(3) સમાચાર નોંધના વિભાગનો ઉલ્લેખ
(4) સમાચાર વિષયક પુરાવાના કાગળ.
(5) સમાચાર મોકલનારની સહી-સિક્કા.
(6) સમાચારની સંપૂર્ણ વિગતો.

(2) દોરાબજી ગામી હેડમાસ્તર વિદ્યાર્થીપ્રિય શાથી હતા?

જવાબ: ગાંધીજીના હાઈસ્કૂલના હેડમાસ્તર દોરાબજી ગામી વિદ્યાર્થીપ્રિય હતા, કારણ કે તે પોતે નિયમોનું પાલન કરતા અને વિદ્યાર્થીઓ પાસે પાલન કરાવતા. તેઓ પદ્ધતિસર કામ કરતા અને તેવું જ કામ વિદ્યાર્થીઓ પાસે લેતા. શિક્ષણ પણ સારું આપતા. તેથી

(3) બારડોલીને ભારતનું થર્મોપીલી શા માટે કહે છે?

જવાબ:- થર્મોપીલી એ ગ્રીસના એક સાંકડા મેદાનનું નામ છે ઈરાનીઓના આક્રમણ સામે લોકશાહીના રક્ષણ માટે લિયોનિડાસે આ મેદાનમાં ભીષણ લડત આપી હતી. બારડોલીમાં પણ સરદાર પટેલના નેતૃત્વમાં થયેલા ખેડૂતોના સત્યાગ્રહ માટે તે એક મહત્વના કેન્દ્ર તરીકે મહત્વનું છે માટે બારડોલીને 'થર્મોપીલી' કહે છે.

(4) ભાણાને કયા પ્રસંગોએ બૂટ પહેરીને મહાલવાની તીવ્ર ઈચ્છા થતી?

જવાબ ભાણાને આ પ્રસંગોએ બૂટ પહેરીને મહાલવાની

Date:-

તીવ ઈચ્છા થતી હતી: સાતમ-આઠમનો મેળો, તરણેતરનો મેળો, ગણેશોત્સવ, નવરાત્રિ, લગ્નગાળો શાળાના પ્રવાસો, પરીક્ષા, દિવાળી વગેરે.

(5) સિંહે દરબારના ઉપકારનો બદલો કેવી રીતે વાળ્યો?

જવાબ: એકવાર દરબારના ઘરમાં ખાતર પાડવા માટે ચોર ઘૂસ્યા. સિંહ દરબારના ઢોલિયા નીચે સૂતો હતો. અવાજ થતાં તે જાગી ને ચોર પર ત્રાટક્યો. એક-બે ચોર તો ત્યાં જ પૂરા થઈ ગયા ને બાકી ઘાયલ થઈને ભાગ્યા. આ રીતે સિંહે દરબારના ઉપકારનો બદલો વાળ્યો.

(6) ધનપાલ શેઠના દીકરાઓની વહુઓએ ડાંગરના દાણાનું શું કર્યું?

જવાબ:- મોટી વહુએ દાણા બારી બહાર ફેંકી દીધા. બીજી વહુએ દાણાને પ્રસાદ સમજી ફોલીને ખાઈ ગઈ. ત્રીજા દીકરાની વહુએ દાણાને દાબડીમાં મૂકી સંઘરી રાખ્યા, જ્યારે ચોથા દીકરાની સૌથી નાની વહુએ દાણા પિયર મોકલાવીને ખેતરમાં વવરાવ્યા.

Date:-

પ્રશ્ન: ૨ નીચેનામાંથી ગમે તે ચાર પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (08)

(1) 'જનની' કાવ્યમાં માતાના પ્રેમને કોના-કોના કરતાં ચઢિયાતો બતાવ્યો છે?

જવાબ: 'જનની' કાવ્યમાં કવિ બોટાદકરે માતાના ગુણોનું સુંદર વર્ણન કર્યું છે. કવિએ માતાના પ્રેમને ધરતી, વાદળ, મેઘ (વરસાદ), ગંગાનદી, ચંદની ચાંદની, અને મધ કરતાં પણ ચઢિયાતો બતાવ્યો છે.

(2) ગ્રામમાતા ફરી રડતાં-રડતાં શું બોલ્યાં?

જવાબ: વારંવાર શેરડી કાપવા છતાં રસનું એક ટીપું પણ ન પડ્યું ત્યારે વૃદ્ધા ગ્રામમાતા રડતાં-રડતાં બોલ્યા, "આ ધરતી રસહીન થઈ છે, રાજા દયાહીન થયો છે, એ સિવાય આવું બને નહિ."

(3) કવિ કેવા શૂરવીરોને શાબાશી આપે છે?

જવાબ: કવિ સુભાષિત દ્વારા જે દાન આપવામાં, જંગમાં એટલે કે રણમેદાનમાં એકલા હાથે ઝઝૂમવામાં અને જગતની નિંદા સહન કરવામાં આગળ અને એકલો રહે છે તેવા શૂરવીરને શાબાશી આપે છે.

(4) મીરાંબાઈ શાને શરણામૃત કરી લેશે? શાથી?

જવાબ: મીરાંબાઈ રાણાજીએ મોકલેલ ઝેરના પ્યાલાને શરણામૃત કરી લેશે કેમકે ભગવાન શ્રીકૃષ્ણની કૃપાથી ઝેર પણ અમૃત બની જશે તેવો મીરાંબાઈનો વિશ્વાસ છે.

(5) પ્રકૃતિના કયાં કયાં તત્ત્વો સપારને વધાવે છે?

જવાબ: પશુ-પંખી, વાદળ, સરોવર, મોરપિચ્છ, માટીના કણકણ

Date:-

તડકો, પતંગિયાં તેમજ ફૂલો જેવા પ્રકૃતિતત્ત્વો
સવારને વધાવી લે છે

Date:-

પ્રશ્ન:3
(અ) નીચેના વાક્યો કોણ-કોને કહે છે, તે લખો. (03)

જ: (1) જીવરામભટ્ટ - રંગલાને કહે છે.

જ: (2) ચણાની દાળવાળો - લેખકને કહે છે.

જ: (3) ગુરુ દ્રોણ - રાજકુમારોને કહે છે.

(બ) ગમે તે એક વિષય પર ટૂંકનોંધ લખો. (03)

(1) દુદામામા :-

દુદામામા એક મોચી છે. લેખકના ગામની નાનકડી મોચીબજારમાં તેમની દુકાન છે. ગામના બધાં તેમને 'મામા' કહીને બોલાવતા. લેખક જ્યારે નાના હોય છે ત્યારે દુદામામા પાસે બૂટ સીવડાવવા માટે જતાં. દુદામામા રેલવેના એક તરફ લખાયેલા અને બીજી તરફ કોરા એવા કાગળ પર પરમાણું લેવા 'આમ' મૂક પગ ! એવું કહેતા. ટાઇફોઇડ હોય ને ડૉક્ટર ઝીણી-ઝીણી વિગતો પૂછે તે રીતે દુદામામા લેખકને પૂછતા કે લાલ કે કાળા, વાધરીવાળા કે વાધરી વગરના, અડણવાળા કે ગોળ બધું - વ્યવસ્થિત પૂછી ને ઉતારી લેતા.

વાયદા પ્રમાણે લેખક જ્યારે બૂટ માટે જતા ત્યારે શાંતિથી તેઓ કહેતા: "આવ, ભાણા આવ" અને પછી એક-પછી-એક બહાનાં બતાવી નવા વાયદાં આપ્યા કરતાં ને છેવટે આઠ મહિને પરિવારની સૂચના મુજબ એક આંગળ મોટા બૂટ સીવી દેતા.

(2) જીવરામભટ્ટ :-

જીવરામભટ્ટ રતાંધળા છે. તેથી તેમને રાત્રે દેખાતું નથી. તે સોમનાથ અને ગંગાના જમાઈ છે. તે મિથ્યાભિમાની છે. રતાંધળાપણાની પોતાની ત્રુટીને છુપાવવા તે પોતાની વાચાળ વૃત્તિનો ઉપયોગ કરે છે. દરેક પ્રશ્નનો ખોટો જવાબ આપવા છતાં હકીકત સ્વીકારતા નથી. તર્ક કરીને પોતાને સાચા સાબિત કરે છે કેમકે મિથ્યાભિમાની છે.

Date:-

(5) ગદ્યખંડના આધારે પ્રશ્નોના જવાબ લખો. (04)

(1) જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય કયો છે?

જવાબ - 'એકાગ્રતાની શક્તિ' નો ઉપયોગ જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય છે.

(2) એકાગ્રતાની શક્તિથી કયા કાર્યો સારી રીતે થશે?

જવાબ: ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં એકાગ્રતાની શક્તિથી કાર્ય વધુ સારી રીતે થાય છે.

(3) જગતનું બધું જ્ઞાન કેવી રીતે મળ્યું છે?

જવાબ:- માનવીની શક્તિઓને એકાગ્ર કરવાથી જગતનું જ્ઞાન મેળવી શકાય છે.

(4) જગત તેના રહસ્યો ક્યારે ખુલ્લાં મૂકશે?

જવાબ:- જ્ઞાનના દ્વાર કેમ ખખડાવવા અને તેના પર યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે સમજી લઈએ તો જગત તેના રહસ્યો ખુલ્લાં કરી દે છે.

Date:-

પ્રશ્ન: ૫

(અ) ગમે તે એક વિષય પર નિબંધલેખન કરો. (07)

(1) શિયાળાની સવાર :-

1. પ્રસ્તાવના. 2. સવારનું વાતાવરણ 3. શિયાળાની સવારનું મહત્વ 4. ગામડામાં શિયાળાની સવાર. 5. શહેરમાં શિયાળાની સવાર 6. માનવ, પ્રકૃતિ અને પશુ-પંખી પર અસર. 7. ઉપસંહાર.

(2) મારો પ્રિય તહેવાર :-

1. પ્રસ્તાવના 2. તહેવારોનું જીવનમાં મહત્વ 3. પ્રિય તહેવાર 4. સામાજિક-સાંસ્કૃતિક વિશેષતા 5. તહેવારની ઉજવણની રીત 6. ઉપસંહાર.

(3) મારો યાદગાર પ્રવાસ :-

1. પ્રસ્તાવના 2. પ્રવાસ પૂર્વનું આયોજન 3. પ્રવાસના સ્થળો 4. પ્રવાસના સ્થળોનો ઇતિહાસ 5. પ્રવાસ દરમ્યાન થયેલા સારા-નરસા અનુભવો. 6. ઉપસંહાર.

* નિબંધમાં જોડણી, અક્ષરો, મૌલિક વિચારો તથા લખાણ અને વિષયપસંદગી ના આધારે ગુણાંકન કરવું.

(બ) પત્રલેખન :-

* નામ-સરનામું - 01
* વિષય વિવરણ - 03
* ભાષાશુદ્ધિ - ½
* સંબોધન-લખિતંગ - ½

05

* પત્રલેખનની ભાષા, વિષયવસ્તુ, જોડણી, અક્ષર વગેરે મુદ્દાને ધ્યાનમાં લઈ ગુણાંકન કરવું.